# સિદ્ધયોગ સાધનાનો શુભારંભ

## ડેવિડ કેટ્ઝ દ્વારા લિખિત વ્યાખ્યાન

*૨૦૨૩ના નવવર્ષના દિવસે, શ્રી મુક્તાનંદ આશ્રમમાં સિદ્ધયોગીઓ 'મધુર સરપ્રાઇઝ'માં આ વર્ષ માટે ગુરુમાઈ ચિદ્વિલાસાનંદનો સંદેશ ગ્રહણ કરવા માટે એકત્રિત થયા હતા. આ સત્સંગમાં, ડેવિડ કેટ્ઝે નિમ્નલિખિત વ્યાખ્યાન આપ્યું હતું.*

નૂતન વર્ષાભિનંદન!

નૂતન વર્ષાભિનંદન, એ બધાંને જેઓ અનંતતાને માપવામાં નિપુણ છે!

અને હવે, હું એ સમસ્ત સૃષ્ટિને નૂતન વર્ષાભિનંદન કહેવા માગું છું જે સમયથી બાધ્ય નથી. સાતેય મહાદ્વીપોને નૂતન વર્ષાભિનંદન. ઉપર આકાશને નૂતન વર્ષાભિનંદન. નીચે ધરતીને નૂતન વર્ષાભિનંદન. બધાં તત્ત્વોને નૂતન વર્ષાભિનંદન. દશેય દિશાઓને નૂતન વર્ષાભિનંદન.

એ બધાંને નૂતન વર્ષાભિનંદન જેમને નવવર્ષની *નવીનતાની ખુશી* મનાવવાનું સૌભાગ્ય પ્રાપ્ત છે. એ બધાંને નૂતન વર્ષાભિનંદન જેઓ સંઘર્ષ કરી રહ્યાં છે — કારણકે તમે હકદાર છો કે તમે નવવર્ષની નવીનતાની ખુશીને પ્રાપ્ત કરો અને તેનો અનુભવ કરો.

હું તમને ફરી એકવાર નવવર્ષની શુભકામનાઓ એ રીતે આપવા માગું છું, જે રીતે આપણે સિદ્ધયોગ પથ પર, આ કહીને આપીએ છીએ, "સદ્‌ગુરુનાથ મહારાજ કી જય!"

આજે સવારે આપણે બધાં અહીં સિદ્ધયોગ વૈશ્વિક હૉલમાં વર્ષ ૨૦૨૩ માટે ગુરુમાઈ ચિદ્વિલાસાનંદનો સંદેશ પ્રાપ્ત કરવા માટે એકત્રિત થયાં છીએ. આપણે અહીં શ્રીગુરુમાઈનું માર્ગદર્શન પ્રાપ્ત કરવા માટે છીએ. આપણાંમાંથી એ લોકો જેઓ ઘણાં વર્ષોથી સિદ્ધયોગ પથ પર છે, તેમના માટે આ માર્ગદર્શન છે કે આપણે આપણી સિદ્ધયોગ સાધના નિરંતર કેવી રીતે કરતા રહીએ. અને નવા સાધકો માટે આ માર્ગદર્શન છે કે તેઓ પથ પર પોતાની સાધનાનો આરંભ કેવી રીતે કરે.

આપણે 'મધુર સરપ્રાઇઝ' ૨૦૨૩માં ભાગ લઈ રહ્યાં છીએ! જય ગુરુમાઈ!

મારું નામ ડેવિડ કેટ્ઝ છે અને ગુરુમાઈજી સાથે આજના આ સત્સંગમાં સૂત્રધાર રૂપે અને એક વક્તાના રૂપે સેવા અર્પિત કરવી મારા માટે ખૂબ જ સન્માન અને ખુશીની વાત છે.

તમને વાસ્તવમાં કંઈક પ્રાપ્ત થાય તેની પહેલાં તમને જે પ્રાપ્ત થવાનું છે, તેના મહત્ત્વ વિશે થોડું જ્ઞાન હોવું હંમેશાં મદદરૂપ હોય છે. એટલા માટે, આજના મારા વ્યાખ્યાનમાં હું તમને એ વિશે કહીશ જે હું મારી પોતાની સિદ્ધયોગ સાધનાથી શીખ્યો છું. હું સિદ્ધયોગ પથ પર ઓગણચાલીસ વર્ષોથી છું. સિદ્ધયોગ પથ સાથે મારો પરિચય મારી પ્રેમાળ અને પ્રતિભાશાળી પત્ની, કશ્મીરીએ કરાવ્યો હતો જે આટલાં વર્ષોથી મારી સાધનામાં સાથી પણ રહી છે. મારી વર્ષોની સાધનાથી મને જે જ્ઞાન પ્રાપ્ત થયું છે, તેનાથી મને એ જાણવામાં મદદ મળી છે કે આખા વર્ષ માટે આપવામાં આવેલા શ્રીગુરુમાઈના સંદેશને કેવી રીતે પ્રાપ્ત કરવો જોઈએ અને કેવી રીતે તેનો અભ્યાસ કરવો જોઈએ.

વિશ્વભરમાં — બધાં મહાદ્વીપો, સંસ્કૃતિઓ અને પરંપરાઓમાં — લોકો ખૂબ જ ઉત્સુકતા, આદર અને ખુશીથી નવા વર્ષના પહેલા દિવસને મનાવે છે. નવા વર્ષના પહેલા દિવસનું આલિંગન નવેસરથી શરૂઆત કરવાના, પોતાના દૃષ્ટિકોણને ફરીથી વ્યવસ્થિત કરવાના તેમજ નવા ઉદ્દેશ્ય અને ઉત્સાહ સાથે ભવિષ્યમાં આગળ વધવાના એક સુઅવસર રૂપે કરવામાં આવે છે.

સિદ્ધયોગ પથ પર, ૧ જાન્યુઆરી સાચે જ સમયની એક અનોખી અને શક્તિશાળી ક્ષણ છે. આ દિવસે, આપણું મહાન સૌભાગ્ય છે કે આપણને શ્રીગુરુમાઈનો નવવર્ષ સંદેશ પ્રાપ્ત થાય છે. તે સાર્વભૌમિક સિદ્ધયોગ સંઘમ્‌માં આપણને બધાંને સામૂહિક રૂપે આપણા આધ્યાત્મિક વિકાસને આગળ વધારવાનો સુઅવસર પ્રદાન કરે છે. સાધનામાં એકસાથે સાચી પ્રગતિ કરવાના આપણા સામૂહિક સંકલ્પ અને ગહન લલકમાં અદ્‌ભુત સામર્થ્ય હોય છે.

નવવર્ષ માટે સંદેશ આપવાની આ પરંપરાની શરૂઆત શ્રીગુરુમાઈએ વર્ષ ૧૯૯૧માં કરી હતી. તે શ્રીગુરુમાઈની કરુણાની સર્વોત્કૃષ્ટ અભિવ્યક્તિ છે અને તે સિદ્ધયોગ પથનો એક સ્તંભ બની ગઈ છે.

આવો, આપણે તેના વિશે હજી વધારે અન્વેષણ કરીએ. અને આપણે આ પ્રશ્ન પૂછીને શરૂઆત કરીએ, “સિદ્ધયોગ પથ શું છે?”

સિદ્ધયોગ પથ ભગવાનને જાણવાની આપણા હૃદયની લલક પ્રત્યે શ્રીગુરુએ આપેલો જવાબ છે. શ્રીગુરુ દ્વારા દર્શાવવામાં આવેલો આ પથ અનુશાસન, અધ્યયન અને મનનચિંતનનો પથ છે. અને, કારણકે આપણને શ્રીગુરુનું સાન્નિધ્ય પ્રાપ્ત છે, તેથી આ ભક્તિ અને સેવાનો પથ છે. શ્રીગુરુની શિખામણોનું વાસ્તવમાં જતન કરવા માટે એ મહત્ત્વપૂર્ણ છે કે શિષ્ય તરીકે આપણે આ શિખામણોનો અભ્યાસ કરીએ, તેને આત્મસાત્ કરીએ અને તેનો અમલ કરીએ.

ગુરુ-શિષ્ય સંબંધ દ્વારા થનારી અસાધારણ કીમિયાગીરીનો આરંભ થાય છે, ‘શક્તિપાત દીક્ષા’ સાથે. શક્તિપાત દીક્ષા અર્થાત્ શ્રીગુરુની કૃપાના સીધા સંચાર દ્વારા કુંડલિની શક્તિની જાગૃતિ. આ દીક્ષા સર્વોપરી છે.

કેમ? કારણકે મન અને ઇન્દ્રિયોને શુદ્ધ કરવા માટે તથા ભગવાન સાથે આપણા ઐક્યનો અનુભવ કરવા માટે આપણે સાધનામાં જે પ્રયત્નો કરીએ છીએ, તેને જાગ્રત કુંડલિનીની શક્તિ સહાય કરે છે. ફક્ત સિદ્ધગુરુ, જેઓ પરમ આત્માના અનુભવમાં શાશ્વત રૂપે અવસ્થિત છે, તેઓ જ શક્તિપાત દીક્ષા પ્રદાન કરી શકે છે.

શક્તિપાત પછી, શ્રીગુરુ જાગ્રત કુંડલિની શક્તિના વિકાસમાં નિરંતર માર્ગદર્શન કરતાં રહે છે. આ માર્ગદર્શન સિદ્ધયોગ પથની શિખામણો અને અભ્યાસો દ્વારા પ્રદાન કરવા આવે છે, અને આ જ સંદર્ભમાં આપણે શ્રીગુરુમાઈ દ્વારા વર્ષ માટે આપવામાં આવેલા સંદેશના મહત્ત્વને સમજી શકીએ છીએ.

જેમકે ગુરુમાઈજી કહે છે :

> હું ઇચ્છું છું કે જ્યારે તમે સંદેશને સાંભળો,
> તો તમે એ જાણો કે આખા વર્ષ માટે આ એક દીક્ષા છે.
> આ સંદેશની શક્તિ તમારી સમજ અને પ્રયત્નોને કૃપાથી અનુપ્રાણિત કરી દેશે.[૧]

હું ઇચ્છું છું કે તમે એક ક્ષણ લઈને આના વિશે વિચાર કરો.

મને ગુરુમાઈજી પાસેથી આ જાણીને ખૂબ જ ખુશી થઈ અને પ્રેરણા મળી : કે તેમનો સંદેશ આખા વર્ષ માટે એક દીક્ષા છે.

આવો હવે, થોડીવાર માટે 'દીક્ષા' શબ્દને વધારે ધ્યાનપૂર્વક જોઈએ.

'દીક્ષા' શબ્દ માટે અંગ્રેજી શબ્દ છે *initiation* (ઇનીશિએશન) અને એની વ્યુત્પત્તિ, લેટિન ભાષાના મૂળ શબ્દ, *initiatus* (ઇનીશિયાટ્સ)થી થઈ છે, જેનો અર્થ છે, "કોઈ વસ્તુની શરૂઆત કરવાનું કાર્ય કે પ્રક્રિયા." ઘણી બધી આધ્યાત્મિક પરંપરાઓમાં એવું માનવામાં આવે છે કે દીક્ષા પ્રાપ્ત કરવી એ એક પ્રકારનું શુદ્ધીકરણ છે. અને કોઈ વસ્તુની શુદ્ધિ કરવાનો અર્થ છે, તેને પવિત્ર બનાવવી અથવા પવિત્ર ઘોષિત કરવી.

આ અંતર્દષ્ટિઓ સાથે, આપણે આજે શ્રીગુરુમાઈ પાસેથી જે પ્રાપ્ત કરી રહ્યાં છીએ, તેના મહત્ત્વને વધારે સારીરીતે સમજી શકીએ છીએ. અને ગુરુકૃપાથી અનુપ્રાણિત સિદ્ધયોગ સાધનાના પથ પર એ એક પવિત્ર નવી શરૂઆત જેવું જ છે.

કેટલીકવાર હું વિચારું છું : ગુરુમાઈજીએ શા માટે આખા વર્ષ માટે સંદેશ આપવાનું નક્કી કર્યું? ગુરુમાઈજી તો સતત શિખામણો આપી રહ્યાં છે. જ્યારે ગુરુમાઈજી આપણી સાથે વ્યક્તિગત રૂપે વાત કરે છે, ત્યારે તેઓ તેમની શિખામણો આપી રહ્યાં છે. જ્યારે ગુરુમાઈજી લખે છે, ત્યારે તેઓ તેમની શિખામણો આપી રહ્યાં છે. જ્યારે ગુરુમાઈજી પ્રવચન આપે છે, જ્યારે ગુરુમાઈજી આપણા સ્વપ્નોમાં આવે છે, જ્યારે ગુરુમાઈજી આપણા હૃદયમાં આપણી સાથે વાત કરે છે, ઉદાહરણ તરીકે જ્યારે આપણે 'શ્રીગુરુગીતા'નો પાઠ કરી રહ્યાં હોઈએ અથવા જ્યારે આપણે સબ-વેના પ્લેટફોર્મ પર ચાલી રહ્યાં હોઈએ ત્યારે પણ ગુરુમાઈજી તેમની શિખામણો આપી રહ્યાં છે. ગુરુમાઈજીએ અનેકાનેક પુસ્તકો લખ્યાં છે, તેમણે ઘણાં કાવ્યગ્રંથો લખ્યાં છે, જેમાં તેઓ તેમની શિખામણો પ્રદાન કરી રહ્યાં છે. જો આપણે તેને શીખવા માગતા હોઈએ, જો આપણે તેને આપણા જ્ઞાનનો અને જીવનના અનુભવનો ભાગ બનાવવા માગતા હોઈએ, જો આપણે તેને આપણી સાધનાનું અભિન્ન અંગ બનાવવા માગતા હોઈએ તો શિખામણો આપણા માટે ઉપલબ્ધ છે.

તો આ બધું હોવા છતાં, એવું કેમ છે કે ગુરુમાઈજીએ આખા વર્ષ માટે સંદેશ પ્રદાન કર્યો છે?

મારા મનમાં એક વિચાર આવે છે : આવું એટલા માટે હશે કારણકે... ગુરુમાઈજી *સાચે* જ આપણને સારી રીતે જાણે છે.

જ્યારે કોઈ વસ્તુને એક વિશેષ સ્થાન આપવામાં આવે છે જેમકે નવવર્ષ સંદેશને આપવામાં આવે છે — જ્યારે આપણને તેના ઉદ્દેશ્ય અને મહત્ત્વ વિશે સમજાવવામાં આવે છે, ત્યારે આપણે વિશેષ પ્રયત્ન કરીએ છીએ. આપણને જે પ્રાપ્ત થઈ રહ્યું છે, આપણે તેની કદર કરવાની રીત શોધી લઈએ છીએ. આપણને આપણી અંદર 'વચનબદ્ધતા'નો સદ્‌ગુણ પણ જોવા મળે છે — આજ્ઞાનું પાલન કરવાની વચનબદ્ધતા, નવવર્ષ સંદેશને આત્મસાત્ કરવાની વચનબદ્ધતા.

અને ગુરુમાઈજી આપણને બહુ સારી રીતે જાણે છે એ વિષય પર હું મારો બીજો એક વિચાર જણાવવા માગું છું કે શા માટે ગુરુમાઈજી દર વર્ષે એક સંદેશ પ્રદાન કરે છે. ઘણાં લોકો સાથે મેં વ્યક્તિગતરૂપે વાત કરી છે, અને બીજાં ઘણાં લોકો જેમણે સિદ્ધયોગ પથની વેબસાઇટ પર લખ્યું છે, તે બધાંએ કહ્યું છે કે ગુરુમાઈજીનો સંદેશ તેમની પાસે બિલકુલ યોગ્ય સમયે આવ્યો છે. ગુરુમાઈજીએ કહેલાં શબ્દો *બરાબર* એ જ હતાં, જેને સાંભળવાની તેમને જરૂર હતી.

સાથેસાથે, હું એ વાતને પણ સ્પષ્ટ કરવા માગું છું કે શ્રીગુરુમાઈનો નવવર્ષ સંદેશ સમયાતીત છે. પ્રત્યેક સંદેશ એક મંત્ર છે, પ્રત્યેક સંદેશ એક સૂત્ર છે — તેમાં નિહિત પ્રજ્ઞાન એટલું અનંત છે કે તેના અર્થને સમજવા માટે તમે યુગો-યુગો સુધી અન્વેષણ કરી શકો છો.

હવે, ગુરુમાઈજી એ નિર્ણય કેવી રીતે અને ક્યારે લે છે કે તેઓ કોઈ વિશિષ્ટ વર્ષે એ જ વિશિષ્ટ સંદેશ આપવા માગે છે — હું નથી જાણતો! અને આ ન જાણવામાં મને ઘણો આનંદ મહસૂસ થાય છે.

હું બસ એટલું જ કહી *શકું છું* કે શ્રીગુરુમાઈના સંદેશનો આપણા જીવનમાં જે પ્રભાવ પડે છે, તે અગાધ છે, તેને માપી નથી શકાતો. તે સાધકોના હૃદયમાં પ્રવેશ કરે છે, ભલે તેમની ધાર્મિક માન્યતાઓ, તેમની સંસ્કૃતિ કે તેમની ઉંમર કંઈપણ હોય. ગુરુમાઈજીનો સંદેશ એક સાર્વભૌમિક ઉપદેશ છે.

હવે હું તમને વર્ષ ૨૦૧૪ માટે ગુરુમાઈજીના સંદેશ વિશે એક સાધિકાનો અનુભવ જણાવું છું, તેને સાંભળો. આ મહિલા લગભગ સાઠ વર્ષથી ડૉમિનિકન સંપ્રદાયના કેથલિક ચર્ચમાં એક નન (ખ્રિસ્તી સાધ્વી) હતી. ઑગસ્ટ ૨૦૧૫માં, તેઓ શ્રી મુક્તાનંદ આશ્રમ આવ્યાં હતાં. અને તેઓ શ્રી મુક્તાનંદ આશ્રમ આવવા માટે અને ગુરુમાઈજીનાં દર્શન કરવા માટે એટલાં કૃતજ્ઞ હતાં કે તેઓ ગુરુમાઈજીનો એક સંદેશ, જે આ નનને સૌથી વધારે પસંદ છે, તેના માટે કૃતજ્ઞતા વ્યક્ત કરીને જ પોતાની ભાવનાઓનું વર્ણન કરી શક્યાં. તેમણે કહ્યું :

> તમે તમારી અંદર રહેલી કોઈ એવી વસ્તુ વિશે કેવી રીતે વાત કરી શકો જે આટલી અમૂલ્ય છે? મને ગુરુમાઈજીનો આ સંદેશ બહુ જ ગમે છે — "નિઃશબ્દ નાદ, નિરંજન શાંતિના મંડળમાં, ઉદય અને વિલય

થાય છે.'' જ્યારે મેં તે વાંચ્યો, તો મેં તેને એક બોર્ડ પર લખીને કૉન્વેન્ટના એક દરવાજા પર લટકાવી દીધો, જેથી હાઈસ્કૂલના બાળકો તેને જોઈ શકે.

આપણા બધાંની અંદર ઊંડાણમાં કંઈક છે — આપણે તેને નીલબિંદુ કહી શકીએ અથવા ઈશ્વરની ઉપસ્થિતિ કહી શકીએ. ગુરુમાઈજીનો એ સંદેશ મને અંતરમાં, મૌનના એક ગહન સ્થાનમાં સ્પર્શી ગયો. શું તમે જાણવા માગો છો કે ઈશ્વર કોણ છે? તે તમે છો, તે હું છું, તે છે પ્રકૃતિમાં ઈશ્વરની ઉપસ્થિતિ. ગુરુમાઈજી, આજે તમે મને જે આપ્યું છે તેના માટે હું તમારો જેટલો આભાર માનું એટલો ઓછો છે.

એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશનના એક સ્ટાફ સદસ્યા આ નનની મિત્ર છે, તેની પાસેથી મેં સાંભળ્યું કે તેઓ હજીપણ ગુરુમાઈજીના વર્ષ ૨૦૧૪ માટેના સંદેશનો તેમના પર જે ગહન પ્રભાવ પડ્યો છે તેના વિશે વાત કરે છે. આ સંદેશે તેમના હૃદયમાં તેમના પ્રભુ, ઈશુની ઉપસ્થિતિને જગાવી દીધી છે.

આ નનને જે અનુભવ થયો — અને આ વિચાર કે શ્રીગુરુની શિખામણો અને વિશેષતઃ શ્રીગુરુમાઈનો નવવર્ષ સંદેશ, આપણી અંદર એક પછી એક જાગૃતિ લાવી શકે છે — તે આપણને ભારતના ઋષિમુનિઓના મહાન પ્રજ્ઞાનની યાદ અપાવે છે. આ પ્રજ્ઞાન ઘણાં બધાં પ્રાચીન શાસ્ત્રો અને દાર્શનિક ગ્રંથોમાં અંકિત કરવામાં આવ્યું છે.

મેં હંમેશા જોયું છે કે ભારતીય શાસ્ત્રો જ્ઞાનના ગહન સ્રોત છે જે સિદ્ધયોગ પથ પર મારા પોતાના અનુભવોને સમજવામાં અને ગુરુમાઈજીની શિખામણો વિશે મારી સમજને પ્રકાશિત કરવામાં મારી મદદ કરે છે. અને હવે ઘણાં વર્ષોથી, 'મુક્તબોધ ભારતીય પ્રાચ્ય વિદ્યા શોધ સંસ્થાન'ના પ્રમુખ અને બોર્ડ અધ્યક્ષના રૂપે મારી ભૂમિકામાં મને મારી સમજને વિસ્તૃત કરવાનું સૌભાગ્ય મળ્યું છે કે આ પ્રજ્ઞાન-સ્રોત કેટલું ગહન છે. ભારતના પ્રાચીન શાસ્ત્રોના સંરક્ષણને સહાય કરવા માટે ગુરુમાઈજીએ વર્ષ ૧૯૯૭માં આ સંસ્થાનની સ્થાપના કરી હતી. આ સંસ્થાને અત્યાર સુધી ત્રણ હજારથી પણ વધારે હસ્તલિપિને ડિજિટલ રૂપે સંરક્ષિત કરી છે.

'કઠોપનિષદ'માં કહેવામાં આવ્યું છે :

*કવયો વદન્તિ*

ઋષિગણ કહે છે ...

*ઉત્તિષ્ઠત જાગ્રત પ્રાપ્ય વરાન્નિબોધત*

''ઊઠો, જાગો, મહાપુરુષોની પાસે જાઓ અને તેમની પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરો.''[૨]

મારા પ્રિય સાથી-સાધકો, આપણે સમજીએ કે જાગ્રત રહેવાનું મહત્ત્વ શું છે. અને પછી, આવો આપણે એકબીજાને જાગવા માટે પ્રેરિત કરીએ. જ્યારે પણ આપણે જોઈએ કે આપણે અથવા બીજાં સાથી ઊંઘવા લાગ્યા છે, તો આપણે શ્રીગુરુની શિખામણોથી — ગુરુમાઈજીના સંદેશના પ્રકાશથી — એકબીજાના પથને પ્રકાશિત કરીએ.

વર્ષ ૨૦૦૮માં, ગુરુમાઈજીએ એ સત્સંગને ‘મધુર સરપ્રાઇઝ’ નામ આપ્યું જેમાં તેઓ પોતાનો નવવર્ષ સંદેશ પ્રદાન કરે છે. ગુરુમાઈજીએ સમજાવ્યું કે આ એક ‘સરપ્રાઇઝ’ છે કારણકે આપણને આખા વર્ષ માટે તેમનો સંદેશ કોઈ પણ રૂપમાં પ્રાપ્ત થઈ શકે છે.

અને ભલે તેમનો સંદેશ કોઈ પણ રૂપમાં હોય, હું બધાંને યાદ કરાવવા માગું છું કે આખા વર્ષ માટે સંદેશની મહાન ભેટ એ છે કે આપણી પાસે અધ્યયન કરવા અને તેની શિખામણોનો અમલ કરવા માટે ભરપૂર સમય હોય છે; જેથી આપણે તેના તરફ એવી રીતે આગળ વધી શકીએ જેવી રીતે આપણે કોઈ પ્રિઝમ પાસે પહોંચીને ખોજ કરીશું કે તે કેટલી જુદીજુદી રીતે પોતાના પ્રકાશને આપણા જીવનમાં પ્રતિબિંબિત અને પરાવર્તિત કરે છે.

મારા માટે એ વર્ણન કરવું મુશ્કેલ છે કે ગુરુમાઈજીનો વર્ષ ૧૯૯૬ માટેનો સંદેશ, “ઉત્સાહમાં ઝૂમતા ચાલો, પ્રભુનો મહિમા ગાતા ચાલો” કેટલી બધીવાર, પડકારજનક પરિસ્થિતિઓમાં મારા માટે જીવનરક્ષક સાબિત થયો છે. અને ૨૦૨૨ના આ ગત વર્ષમાં, ગુરુમાઈજીના સંદેશનો ફક્ત એક શબ્દ, “સાંભળો” જ પર્યાપ્ત હતો જે મને એ યાદ કરાવી દેતો કે કોઈ પણ પગલું લેતા પહેલાં હું થોભું, એક ઊંડો શ્વાસ લઉં અને સમજું કે એ ક્ષણમાં શું જરૂરી છે.

નિઃસંદેહ, આપણે બધાં *સાંભળો* શબ્દ જાણીએ છીએ. મેં પાંત્રીસ વર્ષો સુધી એક ન્યૂરોવૈજ્ઞાનિક અને મેડિકલ સ્કૂલના પ્રોફેસર તરીકે કામ કર્યું છે. અને મેં નિશ્ચિતપણે એ દરેક સંભવ પ્રયાસ કર્યો છે જેથી એ ખાતરી થઈ શકે કે મારા વિદ્યાર્થીઓ મને સાંભળે!

પરંતુ, જ્યારે હું મારા શ્રીગુરુ પાસેથી “સાંભળો,” આ શબ્દ સાંભળું છું, તો તે મારા મનમાં અલગ રીતે પ્રતિધ્વનિત થાય છે. તે શ્રીગુરુના સંકલ્પના સ્પંદનથી પ્રતિધ્વનિત થાય છે, જે મને શ્રીગુરુમાઈના ૨૦૨૨ના સંદેશના રૂપે પ્રાપ્ત થયો હતો. તે એક એવા સ્તર પર સ્પંદિત થાય છે જે મારા મનની પરે છે. તે મને મારી અંદર એક એવા સ્થાન પર લઈ જાય છે, જ્યાં હું કોઈ પણ શંકા વિના જાણું છું, કે ‘હું તે છું જે હું છું.’

સિદ્ધયોગ પથ પર હોવું એ આપણા માટે બહુ સૌભાગ્યની વાત છે. અને એ બધા નવા સાધકો જેઓ ‘મધુર સરપ્રાઇઝ’માં પહેલીવાર ભાગ લેશે અને ગુરુમાઈજીનો સંદેશ પ્રાપ્ત કરશે, જે તમારું જીવન રૂપાંતરિત કરી દેશે — હું ઇચ્છું છું કે તમે બધાં એ જાણો કે તમે એક પવિત્ર તીર્થયાત્રાનો શુભારંભ કરી રહ્યાં છો. તમે સિદ્ધયોગ સાધનાનો શુભારંભ કરી રહ્યાં છો.

© ૨૦૨૩ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

[1] ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ, *હૃદયની સાધના* ભાગ ૧ (ચિત્શક્તિ પબ્લિકેશન્સ, ૨૦૧૦) પૃષ્ઠ ૯૧-૯૨.

[2] *કઠોપનિષદ* પર આધારિત ૧.૩.૧૪; અંગ્રેજી ભાષાંતર © એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન.